

શહેરની રોનક નિખરી - ગાંધીનગરના માર્ગો અને સર્કલો સજાવાય રહ્યા છે... રંગબેરંગી ફુલો અને આકર્ષક રોશની શહેરની શોભા બની ગયા છે... શહેરના મુખ્ય સર્કલો પર અદ્યતન એલઈડી લાઈટથી રોશની કરાઈ છે... ઘ-૨ સર્કલ પર સરસ પ્લાન્ટેશન બાદ કરાયેલી રોશની જોવા રાત્રે નગરજનોના ટોળેટોળા ઉમટે છે... સર્કલ પરની રોશની રંગબેરંગી એલઈડી લાઈટની ઈફેક્ટ દ્વારા કરાતા નયનરમ્ય દૃશ્ય સર્જાય છે...

# દેશ-દુનિયાના ટોપ ત્રણ ઉભરતા વ્યવસાય કેન્દ્રોમાં 'ગિફ્ટ' સામેલ

## ગિફ્ટસિટી પ્રથમ સ્માર્ટસિટી પ્રોજેક્ટ : ગિફ્ટસિટીને ટોપ ૧૦૦ ગ્લોબલ ફાઇનાન્સીયલ સેન્ટરમાં ૭૭મું સ્થાન આપવામાં આવ્યું છે



ગાંધીનગર, તા. ૧૦

ગ્લોબલ ફાઈનાન્સીયલ સેન્ટર ઈન્ડેક્સ ૨૪નાં લંડન પ્રકાશનના અહેવાલ મુજબ ગિફ્ટ સિટીનો ટોપ ત્રણ ઉભરતા વ્યવસાય કેન્દ્રોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ ટેક-સિટી એટલે કે ગિફ્ટ સિટી. ૫૦૦ એકરના વિસ્તારમાં આ વ્યવસાય કેન્દ્ર, વિશ્વસ્તરે વિકસાવવામાં આવ્યું છે. ૧૨૨ મીટર લગભગ ૪૦૦ ફીટની ઊંચાઈ ધરાવતી આ ગગનચુંબી ઈમારોત ગાંધીનગર અને અમદાવાદની નજીક સાબરમતી નદીના કિનારે વિકસાવવામાં આવી રહી છે. ગિફ્ટ-૧ એન્ડ ગિફ્ટ-૨ એમ બંને ઈમારતો ૨૮ માળ અને ભોંયરૂ ધરાવે છે.

ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ સિટીનું નિર્માણ એને વિશ્વસ્તરનું વ્યાપાર મથક અને સ્માર્ટ સિટીના નિર્માણ હેતુથી કરવામાં આવ્યું છે.

મોટી વિશ્વસ્તરીય કંપનીઓ અહીં આવી પોતાનું મુખ્ય મથક બનાવે એ પણ આ પ્રોજેક્ટનું મુખ્ય હેતુ છે. જેથી વિકાસના રસ્તે રોજગારી અને લોકોના જીવન માળખામાં પણ બદલાવ લાવી શકાય. આ ખુબ જ ગર્વની વાત છે કે ગિફ્ટ સિટી એ પ્રથમ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ છે જેને કેન્દ્ર સરકારે મંજૂરી આપી.

ગિફ્ટ-સિટી પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ અને ફાઈનાન્સીયલ સર્વિસ કંપનીને ભેગી કરી આ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ ટેક-સિટી કંપની લિમિટેડ બનાવી છે.

ગિફ્ટી-સિટી એક વિશેષ આર્થિક ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર, એકીકૃત ટાઉનશિપ, મનોરંજન ક્ષેત્ર, હોટેલ, ઈન્ટરનેશનલ તકનીકી પાર્ક, સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક, સંમેલન કેન્દ્ર, શોપિંગ મોલ, શેરબજાર અને સર્વિસ ક્ષેત્રના રૂપમાં આકાર લે એ ઉદ્દેશ્યથી બનાવવામાં આવી છે.

ગિફ્ટ સિટીમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, બીએસઈ બ્રોકર્સ ફોરમ, એલઆઈસી અને પ્રેસ્ટીઝ ગ્રુપ જેવી કંપનીઓ પોતાના મુખ્ય મથક બનાવી રહી છે. જનનધાર, બી યુ ભંડારી પ્રોજેક્ટસ, સંગાથ એ પી એલ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા એ રહેણાંક વિસ્તાર વિકસાવવાનું હાથ ધર્યું છે. ગિફ્ટ સિટીમાં જમનાબાઈ નરસી સ્કૂલ આવેલી છે જે છેલ્લા બે વર્ષથી કાર્યરત છે.

તદ્ ઉપરાંત ટાટા કોમ્યુનશનનું ટાયર ૪ ડેટા સેન્ટર, સ્ટર્લિંગ હોસ્પિટલ, ગિફ્ટ ઈન્ટરનેશનલ

● અનુસંધાન પાના - ૭ પર

### ટોપ-૧૦૦ ગ્લોબલ ફાઈનાન્સીયલ સેન્ટરમાં ગીફ્ટસિટી ૭૭માં સ્થાને

ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ સર્વિસ સેન્ટર (IESC) દ્વારા ગ્લોબલ ફાઈનાશ્યલ સેન્ટર ઈન્ડેક્સ ૨૪માં દુનિયાના ૧૫ એવા વ્યવસાય કેન્દ્રોની લિસ્ટ પ્રસિદ્ધ કરવામાં આવી જે નજીકના ભવિષ્યમાં મુખ્ય વ્યવસાય કેન્દ્રો બનશે. તે પ્રમાણે ગુજરાતમાં સ્થિત ગિફ્ટ સિટીને ત્રીજા ક્રમાંકનું સ્થાન આપવામાં આવ્યું છે. તદ્ ઉપરાંત ગિફ્ટ સિટીને ટોપ ૧૦૦ ગ્લોબલ ફાઈનાન્સીયલ સેન્ટરમાં ૭૭મું સ્થાન આપવામાં આવ્યું છે. જે ગુજરાત અને સમગ્ર દેશ માટે ગર્વની વાત છે.

# આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આરટીઓની કામગીરી રામભરોસે

## ગ-માર્ગ પર સ્થિત કચેરીમાં વાહનો સંબંધિક કામગીરી ઠપ્પ થઇ જશે : લાયસન્સ સહીતની કામગીરી પણ નામની જ થશે

ગાંધીનગર તા ૧૦

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરમાં જ અને ખ માર્ગ આમ નાગરિકો માટે પ્રતિબંધિક જાહેર કરાયો છે. જયારે આ દરમિયાન ગ માર્ગ પણ નો પાર્કીંગ ઝોનમાં આવતા આ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીની કામગીરી પણ પ્રભાવિત થશે. આર ટી ઓ કચેરીમાં વાઈબ્રન્ટના દિવસો દરમિયાન વાહનોના ફીટનેસની કામગીરી થઈ શકશે નહીં આર ટી ઓ ના ઈન્સપેકટરો પણ વાઈબ્રન્ટની ફરજ સોપવામાં આવી છે.

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં સલામતીને સ્પર્શતા પરિબળોને વધુ યોગ્ય કરવા માટે તંત્રએ પુર્વ આયોજન કરી દીધુ છે. શહેરમાં પુરતા પોલીસ બન્દોબસ્ત વચ્ચે યોગ્ય ટ્રાફિક નિયમન થાય તેમજ ચક્કાજામના દ્રશ્યો પણ ન સર્જાય તે માટે પોલીસ તંત્રને પુરતી તકેદારી રાખવા સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત શહેરમાં ટ્રાફિક સિગ્નલ પણ શરૂ થઈ જતા ટ્રાફિક નિયમન વધુ સરળ બન્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો નગરની મુલાકાતે આવવાના હોવાથી શહેરના કેટલાક માર્ગો પર જાહેર જનતા માટે પ્રતિબંધ મુકી દેવાયો છે. ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે. જેને અનુલક્ષીને વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના રોડ નં ૪,૫,,૩ તેમજ ગ, ચ અને ખ માર્ગ સહીતના વિસ્તારોને નો પાર્કીંગ ઝોનમાં મુકી દેવાયા છે.

જયારે જ અને ખ માર્ગ જાહેર જનતા માટે પ્રતિબંધિત હોવાના લીધે આગામી દિવસોમાં આ માર્ગ પરના ટ્રાફિકને પણ ડાયવર્ટ કરવામાં આવશે. બીજીતરફ ગ માર્ગ પણ નો પાર્કીંગ ઝોનમાં આવી જતા આર ટી ઓ કચેરીની કામગીરી પણ પ્રભાવિત થશે. ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીની કામગીરી પણ ખોરવાશે. આરી ટી ઓ કચેરીમાં વાહનોના ફીટનેસને અનુલક્ષી ગ માર્ગ પર વાહનોનો ખડકલો જોવા મળે છે. જયારે આ માર્ગ પર ચાર દિવસ માટે વાહનો પાર્ક કરવાની મનાઈ હોવાથી વાહન ફીટનેસની કામગીરી થઈ શકશે નહીં આ ઉપરાંત આર ટી ઓ કચેરીના ઈન્સપેકટરોને પણ વાઈબ્રન્ટમાં ફરજ સોંપવામાં આવી છે. જેથી આર ટી ઓ કચેરીમાં રૂટીન કામગીરી પર વિપરિત અસર થશે.

# ગુડાના વિવિધ ટીપી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરાયા : માર્ગો બનાવાનુ કામ શરૂ કર્યુ

## કોબા ગાંધીનગર સમાંતર સર્વિસ રોડ પરથી અડચણો દુર કરાઇ : નવા રસ્તાનુ કામ પણ પુર્ણ થતા ટ્રાફિકની અવરજવર સરળ બનશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કોબા ગાંધીનગર સમાંતર સર્વિસ રોડ પરની અડચણો દુર કરી રસ્તો ખુલ્લો કરી દેવાયો છે. જરૂરી રસ્તો પણ નવો બનાવી ટ્રાફિકની અવરજવર પણ સરળ રીતે થાય તે મુજબની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે પેથાપુર બાદ હવે રાંદેસણ વિસ્તારમાં પણ નવા માર્ગોનુ નિર્માણ કરવા માટે આયોજન કરી દેવાયુ છે.

ગુડા દ્વારા વિવિધ વિકાસ કામોને અનુલક્ષી તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુડા વિસ્તારમાં સરગાસણ અને કુડાસણમાં નવી આવાસ યોજના પણ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવ્યો છે. જયારે વિવિધ ટી પી ના રસ્તાઓ ખુલ્લા કરવા તેમજ કબજાની લેવડ દેવડ સહીત રસ્તાના કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે.ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તાઓ ખોલવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ કામગીરીને અનુલક્ષીને પેથાપુરમાં ૧૮ અને ૧૨ મીટરના રસ્તા બનાવાનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. રોડ નેટવર્કના અભાવ વચ્ચે ટ્રાફિક માટે પણ અડચણો

● અનુસંધાન પાના - ૭ પર

# કોડ સૌ પુરા કર્યા માત-પિતાએ.....

## મારે સપ્તપદીના ફેરામાં પહેરવાની લેંઘા-ચોલીને બ્રાન્ડ બનાવવી છે : અંધજન શાળાના ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ દોરેલા ચિત્રોને એ લેંઘા-ચોલી પર પ્રિન્ટ કરાવી મારે સમાજને બતાવવી છે આપણા સમાજની આ મૂડી...- ભાર્ગવી









ગાંધીનગર, તા. ૧૦

સંસ્કૃતમાં એક સુભાષિત છે કે કન્યા વરયતે રૂપમ્, માતા વિત્તં પિતા શ્રૃતમ્ બાન્ધવા કુલં મિચ્છન્તી, મિષ્ટાન મિત્રે જનાઃ॥

અર્થાત કન્યા વરના રૂપને વરે છે તો માતા પિતા સુખી ઘરને જુએ છે તો ભાઈભાંડુ વરરાજાના કુળને અને મિત્રો મિષ્ટાન પર વારી જતા હોય છે.

આ લગ્ન પ્રસંગની બહુ સામાન્ય વાત છે પણ આજે અહિ એક અનોખી કહાની લગ્નને લઈ કહેવી છે. સપ્તપદીના ફેરામાં તૈયાર થવા માટે ખાસ ખાસ અભરખાઓ દિકરીઓ ધરાવતી હોય છે અને માત-પિતા પણ આ માટે ડ્રેસ ડિઝાઈનર તેમજ મેક-અપ પાર્ટીના ખાસ ઓર્ડર બુક કરાવતા હોય છે. દિકરીના કોડ માતા-પિતા અહિ જાણે પુરા કરવા માંગતા હોય એમ.

વાત દિકરીના કોડની છે અને તે પણ પૂરા કરવા માત-પિતા અને ભાઈ-ભાંડુ તેમજ મોસાળિયાઓ પણ એ અરમાન પુરા કરવામાં પૂરક બને ત્યારે એક અદ્ભુત નજારો ઉભો થતો હોય છે.

સપ્તપદીના સાત ફેરા દરમ્યાન હું જે કપડા ધારણ કરીશ તે એક બ્રાન્ડ બનશે એટલુ જ નહિ પણ તે ગ્રીનીઝ બુક રેકર્ડઝ અને લીમ્કા બુક ઓફ રેકર્ડમાં સ્થાન પામશે આવા કોડ ગાંધીનગરની એક યુવતીના છે.

હા, પ્રખ્યાત ઈજનેરી સંસ્થા સેપ્ટમાં રિસર્ચ આર્કિટેક તરીકે કામ કરતી દિકરીની. દિકરીને પણ આ કોડ જાગવા પાછળ એક અદ્ભુત કહાની છુપાયેલી છે તે વાત આજે અહિ કરવી છે.

ગાંધીનગર સેક્ટર-૪માં રહેતા ઉદયભાઈ ડી. પાંભરની દિકરી ભાર્ગવી પાંભરની આ વાત છે.

ભાર્ગવી નેપાળના પ્રવાસે હતી અને તે એક શાલ લેવા માટે ગઈ ત્યાં બોર્ડ મુકયુ હતુ કે અંધજનો દ્વારા તૈયાર કરાયેલી શાલ ખરીદો. બસ; જિજ્ઞાસુ ભાર્ગવીએ કહ્યુ કે મને અંધજનોએ જે શાલ તૈયાર કરે છે તેમને બતાવો અને મુલાકાત કરાવો. પણ દુકાનદારે ઈન્કાર કર્યો... વાત તેને સમજાઈ ગઈ. આ પછી તેણે પોતાના લગ્નમાં આ માટેના ઓરતા સેવ્યા.

માસ્ટર ઓફ અર્બન એન્ડ રિઝનલ પ્લાનરની ડિગ્રી ધરાવતી ભાર્ગવીના લગ્ન આઈઆઈએમ લખનૌમાંથી ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ પાસ કરનાર નિશાંત પાલીવાસ સાથે નિયત થયા છે. આગામી માર્ચમાં તેના લગ્ન ગાંધીનગરમાં જ યોજાયા છે.

નિશાંત સાથેની રસ્તો ભુલી ગયા પછી તેમના મુકામે મુકી ગયાની વાત એ કારણ બની પછી તો તેઓ મિત્રના મિત્ર થકી વધુ પરિચયમાં આવ્યા, ફેસબુક ફ્રેન્ડ

● અનુસંધાન પાના - ૭ પર

ઉત્તરાયણ માટે અવનવી વેરાયટી સાથે ફેન્સી ગોગલ્સની વિશાળ શ્રેણી ઉપલબ્ધ...!!!
7878 48 3388
Eye World optician
Rs. 99 ગોગલ્સ
Ray-Ban IDEE EYEWEAR WOLF-EYES fastrack TITAN
ખાસ ઓફર : આ જાહેરાતનું કટીંગ લઈને આવનારને નંબરના ચશ્માની ફ્રેમની ખરીદી પર ગ્લાસ ફ્રી મળશે.
પ્લોટ નં. ૪૪૩, એચડીએફસી બેંકની લાઈનમાં, સેક્ટર-૧૬, ઘ-રોડ, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી / ભાઈશ્રી
નિતીનચંદ્ર મુળજીભાઈ પંચોલી
તા.૦૮/૦૧/૨૦૧૯ને મંગળવારના રોજ સ્વર્ગસ્થ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૧/૦૧/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: પ્લોટ નં.૬૯૯, વાસ્તુનિર્માણ સોસાયટી, હવેલી મંદિર પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર. (મો.૯૭૨૪૫ ૦૧૬૦૫)
ગં.સ્વ.સંધ્યાબેન નિતીનચંદ્ર પંચોલી
લિ.
જલ્પાબેન વિશાલ પંચોલી
નિરૂબેન હેમંતકુમાર પંચોલી
શીતલ જયદીપ પંડ્યા
જાનકી પ્રતિક પંચોલી
વિશાલ નિતીનચંદ્ર પંચોલી
હેમંતકુમાર મુળજીભાઈ પંચોલી
જયદીપ (જે.ડી) એમ. પંડ્યા
પ્રતિક હેમંતકુમાર પંચોલી
ધ્યાન - પરમ - ચેતાંસી

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com